eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 195
September 04, 2009

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ

ચોમાસા દરમ્યાન પ્રતિ સપ્તાહ સુરત મહાનગરપાલિકા દ્વારા આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. જે મુજબ તા. ૨૯/૦૮/૨૦૦૯ ના રોજ માનવધર્મ આશ્રમ, સંતતુકારામ સોસાયટી,રાંદેર,સુરત ખાતે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ રાખવામાં આવ્યો હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ગુમાસ્તા ધારાની કામગીરી

આગામી સુરત મહાનગરપાલિકાનાં ઈલેકશન વોર્ડ નં. ૩૪ ની પેટા ચુંટણી તા. ૦૬–૦૯–૦૯ રવિવારે દિવસ થનાર છે. જેથી સુરત મહાનગરપાલિકાનાં ચુટણી હેઠળનાં સમગ્ર હદ વિસ્તારમાં આવેલ જે સંસ્થાઓને મુંબઈ દુકાનો અને સંસ્થાઓનાં અધિનિયમ, ૧૯૪૮ અન્વયે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થઝોન (કતારગામ) ની કામગીરી

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૩૧/૦૮/૨૦૦૯ ના રોજ કરવામાંઆવેલ " ડીમોલીશન" ની વિગત નીચેપ્રમાણે છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## વી.બી.ડી.સી. વિભાગની કામગીરી

સેન્ટ્રલ ઝોન હેઠળના વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા મચ્છર થી ફેલાતાં મેલેરિયા–ડેંગ્યુ– ચિકાગુનિયા જેવા રોગોના નિયંત્રણ માટે ઝુંબેશરૂપે અસરકારક કામગીરી હાથ ધરવા મે. કમિશ્નરશ્રીના મળેલ આદેશાનુસાર તા.૨૮/૦૯/૦૯ ના રોજ રીંગરોડ ખાતે બિગબાઝારની બાજુમાં આવેલ બાંધકામ ખાતે ચેકીંગ દરમ્યાન પુષ્કળ પ્રમાણમાં મચ્છરજન્ય પરિસ્થિતિ માલુમ પડેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ઈથીયોપીઆનું પ્રતિનિધિ મંડળ સુરત મહાનગરપાલિકાની મુલાકાતે

ઈથીયોપીઆના મા. મેયરશ્રી જેકોબ માહીલ, ગામ્બેલા રીજીયનના અને સોમાલી રીજીયનના મા.મેયરશ્રી અબ્દુસલામ અહમદ ઈબ્રાહીમ મા.મેયરશ્રી તથા ૧૦ (દશ) સભ્યશ્રીઓનું પ્રતિનિધિ મંડળ તા.૦૨–૦૯–૨૦૦૯નાં રોજ સુરત મહાનગરપાલિકાની મુલાકાતે આવેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ

ચોમાસા દરમ્યાન પ્રતિ સપ્તાહ સુરત મહાનગરપાલિકા દ્વારા આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. જે મુજબ તા. ૨૯/૦૮/૨૦૦૯ ના રોજ માનવધર્મ આશ્રમ, સંતતુકારામ સોસાયટી,રાંદેર,સુરત ખાતે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ રાખવામાં આવ્યો હતો.

આ પ્રસંગે મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા,સ્થાયી સમિતી અધ્યક્ષશ્રી મુકેશ દલાલ, શાસક પક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલ, રૂગ્ણાલય અને તંદુરસ્તી વર્ધક સમિતિના અધ્યક્ષા શ્રીમતી રંજનબેન સરતાનપુરા,રાંદેર વિસ્તારના મ્યુનિ.સદસ્ય શ્રી મનહરભાઈ પટેલ,આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશનર(હેલ્થ એન્ડ હોસ્પીટલ) ડો.હેમંત દેસાઈ,રાંદેર ઝોનના ઝોનલ ચીફ શ્રી એમ.ડી.દારૂવાલા,કાર્યપાલક ઈજનેરશ્રી આર.વી.ગામીત,નાયબ આરોગ્ય અધિકારી ડો.કલ્પેશ ખત્રી,આસી.આરોગ્ય અધિકારી ડો.એ.પી.ભટ્ટ, સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત, રાંદેર/અડાજણ શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસર તથા અન્ય અધિકારી / કર્મચારીઓ હાજર રહયા હતા.

આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશનરશ્રી(હેલ્થ એન્ડ હોસ્પીટલ)ડો હેમંત દેસાઈએ કાર્યક્રમ સંબધી જાણકારી આપી હાજર રહેલ આમંત્રિતો તથા લાભાર્થીઓનું સ્વાગત કર્યુ હતુ. પ્રાસંગિક પ્રવચનમાં સ્વાઈન ફલુ ને કારણે નાગરીકોમાં ભય જોવા મળે છે પરંતુ સ્વાઈન ફલુથી ગભરાયા વગર સ્વાઈન ફલુ બાબતે તકેદારી રાખવા,આપવામાં આવતી સુચનાઓનો અમલ કરવા જણાવ્યુ હતુ.મેડીકલ કેમ્પ ખાતે યોજવામાં આવતા આરોગ્યલક્ષી પ્રદર્શન નિહાળી રોગ વિષેની જાણકારી મેળવી તેનો અમલ કરવા સુચન કર્યુ હતુ.

રૂગ્ણાલય અને તંદુરસ્તી વર્ધક સમિતિના અધ્યક્ષા શ્રીમતી રંજનબેન સરતાનપુરાએ પ્રાસંગિક પ્રવચનમાં, સુરત શહેરને રોગ મુકત બનાવવા મહાનગરપાલિકા તરફથી આવા કેમ્પો યોજવામાં આવે છે તે સરાહનીય છે તેમ જણાવી નાગરિકોને સ્વચ્છતા પરત્વે વધુ સજાગ થવા તથા રોગચાળો ન થાય તે માટે કાળજી રાખવા જણાવ્યુ હતુ.

શાસક પક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતુ કે, સુરત મહાનગરપાલિકા શહેરીજનોની સુખાકારી માટે જાગૃત છે જેથી દરેક ઝોનમાં વિના મૂલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ યોજવામાં આવે છે તથા તેમાં નિષ્ણાંત ડોકટરો મારફતે નિદાન કરી સારવાર આપવામાં આવે છે જેથી મેડીકલ કેમ્પનો લાભ લેવા આરોગ્યલક્ષી સુચનાનો અમલ કરી લોકોમાં જનજાગૃતિ કેળવવા સૂચન કર્યુ હતુ.

**Continue …**

સ્થાયી સમિતીના અધ્યક્ષ શ્રી મુકેશભાઈ દલાલે પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે,સુરત શહેરને રોગ મુકત બનાવવા મહાનગરપાલિકા સજાગ છે.પ્રીવેન્ટવ હેલ્થ–રોગ અટકાયત બાબતે,પ્રમોટીવ હેલ્થ–રોગ બાબતે જન જાગૃતિ કેળવવા પ્રચાર–પ્રસાર તથા આરોગ્યલક્ષી પ્રદર્શનો યોજવામાં આવે છે. કયોરીટી– વિનામૂલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પો યોજી સારવાર કરવામાં આવે છે.નાગરિકોને સ્વચ્છતા પરત્વે વધુ સજાગ થવા તથા રોગચાળો ન થાય તે માટે કાળજી રાખવા અનુરોધ કર્યો હતો.

મા.મેયરશ્રી રણજીત ગીલીટવાળાએ પ્રાસંગિક પ્રવચનમા જણાવ્યું હતું કે,સુરત મહાનગરપાલિકા છેવાડાના નાગરીકોના આરોગ્યની કાળજી રાખે છે મધ્યમ તથા ગરીબ વર્ગના લોકોને ઘરઆંગણે વિના મૂલ્યે તબીબી સારવારનો લાભ મળી રહે તે માટે મહાનગરપાલિકા પ્રયત્નશીલ છે જેથી ઘરઆંગણે આવા કેમ્પો યોજવામાં આવે છે જેનો લાભ લેવો જોઈએ.નાગરીકોને આરોગ્યલક્ષી પ્રદર્શન નિહાળી સ્વચ્છતા પરત્વે તથા રોગ અટકાયત બાબતે કાળજી રાખવા અનુરોધ કર્યો હતો.

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી. મેડીકલ કેમ્પનો પાલનપુરજુના જકાતનાકા તથા આજુ બાજુ વિસ્તારના ૧૭૯ લાભાર્થીઓએ લાભ લીધો હતો. જેમાં આંખના નિષ્ણાત દ્વારા ૩૭ ,ચામડીના નિષ્ણાત દ્વારા ૩૪,સ્ત્રીરોગ નિષ્ણાત દ્વારા ૧૨,બાળરોગ નિષ્ણાત દ્વારા ૨૨, ફિઝીશ્યન દ્વારા ૭૩, સર્જન દ્વારા ૦૧ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. લેબ. ટેકનીશીયન દ્વારા ૨૨ તાવના દર્દીઓના લોહીના નમુના લેવામા આવ્યા હતા.૨૨ ઓ.આર.એસ. પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.૨૨ દર્દીઓને વિશીષ્ટ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ, નવી સીવીલ હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે રોગ અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા જાણકારી આપી ૭૨૫ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ ૨૧૦, ઓરલ પીલ્સ ૫ પેકેટ, ૨૫૦ આયર્ન ફોલીક એસીડ ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.રસીકરણ વિભાગ દ્વારા ૧૨ બાળકોને ડીપીટી,પોલીયો અને ઓરીની રસી આપવામાં આવી હતી તથા ૧૦૦૦ કલોરીન ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

સમગ્ર કાર્યક્રમનું આયોજન મ્યુ.કમિશ્નર કુ.એસ.અપર્ણાના આદેશાનુસાર આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશ્નર(હેલ્થ એન્ડ હોસ્પિ.)દ્વારા કરવામાં આવ્યું હતુ.

TOP

## ગુમાસ્તા ધારાની કામગીરી

આગામી સુરત મહાનગરપાલિકાનાં ઈલેકશન વોર્ડ નં. ૩૪ ની પેટા ચુંટણી તા. ૦૬–૦૯–૦૯ રવિવારે દિવસ થનાર છે. જેથી સુરત મહાનગરપાલિકાનાં ચુટણી હેઠળનાં સમગ્ર હદ વિસ્તારમાં આવેલ જે સંસ્થાઓને મુંબઈ દુકાનો અને સંસ્થાઓનાં અધિનિયમ, ૧૯૪૮ અન્વયે અઠવાડિક બંધમાંથી મુકિત આપવામાં આવી હોય તેવી સંસ્થામાં કામ કરતાં કર્મચારીઓને રેસ્ટોરન્ટ, હોટલ અને સિનેમાગૃહ વિગેરેનાં માલિકોએ તેવી સંસ્થામાં કામ કરતાં કર્મચારીઓને મતદાન કરવા જઈ શકે તે માટે વારાફરતી ત્રણ કલાકની રજા મળી રહે તેવો પ્રબંધ કરવા સુરત માનગરપાલિકાની એક યાદીમાં જણાવેલ છે.

TOP

## નોર્થઝોન (કતારગામ) ની કામગીરી

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૩૧/૦૮/૨૦૦૯ ના રોજ કરવામાંઆવેલ " ડીમોલીશન" ની વિગત નીચેપ્રમાણે છે.

ટી.પી. સ્કીમ નં. ૨૫ (સીંગણપોર–ટુંકી), રે.સ.નં. ૩૮ માં આવેલ નવનાથ સોસાયટી વિભાગ–૧, સબ પ્લોટ નં.૮૧ અને ૮૨ ના મિલકતદાર ધ્વારા બનાવવામાં આવેલ ત્રીજામાળ પર આર.સી.સી. બીમ, કોલમ અને ચણતરની દિવાલનું આશરે ૧૨૦૦ ચો.ફુટ નું ગેરકાયદેસર બાંધકામ દુરકરવામાં આવેલ છે.

TOP

## વી.બી.ડી.સી. વિભાગની કામગીરી

સેન્ટ્રલ ઝોન હેઠળના વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા મચ્છર થી ફેલાતાં મેલેરિયા–ડેંગ્યુ– ચિકાગુનિયા જેવા રોગોના નિયંત્રણ માટે ઝુંબેશરૂપે અસરકારક કામગીરી હાથ ધરવા મે. કમિશનરશ્રીના મળેલ આદેશાનુસાર તા.૨૮/૦૯/૦૯ ના રોજ રીંગરોડ ખાતે બિગબાઝારની બાજુમાં આવેલ બાંધકામ ખાતે ચેકીંગ દરમ્યાન પુષ્કળ પ્રમાણમાં મચ્છરજન્ય પરિસ્થિતિ માલુમ પડેલ. સદર બાંધકામ ખાતે બેગમપુરા યુનિટ ખાતેથી એન્ટિલાર્વલ તેમજ એન્ટિએડલ્ટ કામગીરી હાથ ધરી વહિવટી ખર્ચપેટે રૂા. ૫૦,૦૦૦/– વસુલ કરવામાં આવેલ છે. તેમજ બાંધકામ ખાતે કામ કરતાં કુલ ૮૧ મજુરોનું મેલેરિયાના પરિક્ષણ અર્થે બ્લડ સેમ્પલ લીધેલ છે. વધુમાં તા. ૨૯–૦૮–૦૯ ના રોજ નાની બેગમવાડી, રાધાકૃષ્ણ ટેક્ષટાઈલ માર્કેટ ખાતેના બાંધકામનાં ચેકીંગ દરમ્યાન મચ્છરજન્ય પરિસ્થિતિ માલુમ પડતાં જરૂરી એન્ટિલાર્વલ કામગીરી હાથ ધરી વહિવટી ખર્ચ પેટે રૂા. ૧૧,૦૦૦/– વસુલ કરવામાં આવેલ છે.

ઉકત સમગ્ર કામગીરી ઝોનલ ચીફશ્રી સેન્ટ્રલ ઝોન અને શહેર વિકાસ અધિકારીશ્રીના સંપૂર્ણ માર્ગદર્શન હેઠળ કાર્યપાલક ઈજનેરશ્રી (ઉ) ની સીધી દેખરેખ હેઠળ આરોગ્ય અધિકારીશ્રી તેમજ આસી. જંતુનાશક અધિકારીશ્રી સેન્ટ્રલઝોનના સીધા સુપરવિઝન હેઠળ કરાવવામાં આવેલ છે.

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે તમારા ઘરમાં  પાણીસંગ્રહના ડ્રમ, પીપ, કેરબા સહિતના સાધનો દર ચાર દિવસે એકવાર ઘસીને સાફ કરી હવાચૂસ્ત રીતે ઢાંકવા સહિત ધાબા ઉપર કે વરંડામાં રાખવામાં આવતા બિનજરૂરી ભંગારનો નિકાલ કરવા તથા સર્વે માટે તમારા ઘરે આવતા મેલેરિયાના વર્કરને સંપૂર્ણ સહકાર આપવા નિવેદન કરવામાં આવે છે.

TOP

## ઈથીયોપીઆનું પ્રતિનિધિ મંડળ સુરત મહાનગરપાલિકાની મુલાકાતે

ઈથીયોપીઆના મા. મેયરશ્રી જેકોબ માહીલ, ગામ્બેલા રીજીયનના અને સોમાલી રીજીયનના મા.મેયરશ્રી અબ્દુસલામ અહમદ ઈબ્રાહીમ મા.મેયરશ્રી તથા ૧૦ (દશ) સભ્યશ્રીઓનું પ્રતિનિધિ મંડળ તા.૦૨–૦૯–૨૦૦૯નાં રોજ સુરત મહાનગરપાલિકાની મુલાકાતે આવેલ. આ પ્રતિનિધિ મંડળે સુરત મહાનગરપાલિકાના ખજોદ વેસ્ટ ડીસ્પોઝલ પ્લાન્ટ,નાગરિક સુવિધા કેન્દ્ર, ઈન્ડોર સ્ટેડીયમ, ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન, યુ. સી. ડી. સેન્ટર અને ઉમ્મીદ કેન્દ્ર, કોસાડ ખાતેના ઈ. ડબલ્યુ.એસ. આવાસની મુલાકાત લીધી હતી.

સાંજે ૫.૩૦ કલાકે મા. મેયરશ્રી, કમિશનરશ્રી, પદાધિકારીશ્રીઓ/અધિકારીશ્રીઓ સાથે સુરતના આર્થિક વિકાસ તથા મહાનગરપાલિકાની વિવિધ કામગીરીઓ માટેની મીટીંગમાં સ્વાગત પ્રવચન કરતા કમિશનરશ્રી એસ. અર્પણાએ જણાવ્યું હતુ કે સુરત શહેર એક વિકાસ પામતુ શહેર છે. સુરત મહાનગરપાલિકા ધ્વારા ઘણા ઈન્ફ્રાસ્ટ્રકચરની કામગીરી ચાલી રહી છે. શહેરના વિવિધ ઉદ્યોગો તથા મહાનગરપાલિકા ધ્વારા હાથ ધરાનારા વિવિધ પ્રકલ્પોની ઝાંખી કરાવી મહાનગરપાલિકાની કામગીરીની માહિતી આપી હતી.

મા. મેયર શ્રી રણજીતભાઈ ગીલીટવાલાના હસ્તે ગામ્બેલા રીજીયનના મા. મેયરશ્રી જેકોબ માહીલ, સોમાલી રીજીયનના મા.મેયરશ્રી અબ્દુસલામ અહમદ ઈબ્રાહીમને મોમેન્ટો તથા બુકે આપી સ્વાગત કર્યુ હતું. પદાધિકારીશ્રીઓએ પ્રતિનિધિ મંડળના અન્ય સભ્યશ્રીઓનું બુકે આપી સ્વાગત કર્યુ હતું.

આસી. કમિશનરશ્રી (ફા.) શ્રી એસ. એન. મહેતાએ સદર ટીમ સાથે પ્રોપર્ટી ટેક્ષ અને મહાનગરપાલિકાની આવકના સ્ત્રોતો વિશે વિસ્તૃત સમજ આપી હતી. ડે. ટાઉન પ્લાનરશ્રી બશાકે મહાનગરપાલિકાના વિવિધ પ્રકલ્પો તથા સુરત શહેરના વિવિધ ઉદ્યોગો, કંપનીઓના વિકાસની ઝાંખી કરાવતુ માહિતીપ્રદ ડેમોસ્ટ્રેશન રજુ કર્યુ હતુ.

સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલે શહેરના વિકાસની રૂપરેખા, આર્થિક વિકાસ તથા સહકારના વિવિધ પાસાઓ અંગે મંતવ્યો રજુ કર્યા હતા.

મા. મેયરશ્રી જેકોબ માહીલ, સોમાલી રીજીયનના મા.મેયરશ્રી અબ્દુસલામ અહમદ ઈબ્રાહીમે ભારતના રાષ્ટ્રપિતા પૂ.મહાત્મા ગાંધીને યાદ કરી રંગભેદની નીતિ અંગે ઉપાડેલ ચળવળની યાદ કરી પૂ.બાપુની યાદ તાજી કરી હતી. તેમજ પોતાના શહેરના ઝડપી આર્થિક વિકાસ, ભારતીય સંસ્કૃતિનો સમન્વય, તહેવારોની ઉજવણી, રસ્તા, રેલ નેટવર્ક, વિમાની સેવાઓ શહેરની મુખ્ય કંપનીઓ તથા શૈક્ષણિક ક્ષેત્રે પ્રદાન તથા આર્થિક વિકાસના ક્ષેત્રે સુરત શહેર સાથે સમન્વય કરી ભાગીદારી ધ્વારા ઔદ્યોગીક વિકાસ સાધવા જણાવ્યુ હતું. મીટીંગ બાદ ગ્રૃપ ડીસ્કશન ધ્વારા વિવિધ પાસાઓની સઘન છણાવટ કરી હતી.

અંતમાં ડે. કમિશનરશ્રી (સ્પે.) શ્રી પી.જે.ઝાલાએ આભારવિધિ કરી હતી.

TOP